INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૦૯-૦૨-૨૦૨૬

- **સુરત જિલ્લામાં GIPCL સહિતના ઉદ્યોગોમાં સ્થાનિકોને ૮૫% રોજગારી આપવામાં નથી આવતી, સ્થાનિકોને રોજગાર નહીં આપો તો કોંગ્રેસ આંદોલન કરશે : અમિત ચાવડા**
- **સુરત અને ભરૂચ જિલ્લામાં ભાજપના મળતિયાઓ દ્વારા બેફામ ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે : અમિત ચાવડા**
- **તડકેશ્વર ગામે ટાંકી જ નથી તૂટી, જનતાનો ભ્રષ્ટાચારી ભાજપ સરકાર ઉપરનો વિશ્વાસ તૂટી ગયો છે : અમિત ચાવડા**
- **ડબલ એન્જિન સરકારમાં દરેક સરકારી કોન્ટ્રાક્ટમાંથી ૩૦% કમિશન લેવામાં આવે છે, કમિશન સરકારની પોલ હવે ખુલી ગઈ છે : અમિત ચાવડા**
- **કોન્ટ્રાક્ટ પ્રથાના નામે કંપનીઓ શ્રમ કાયદાનો ભંગ કરી કામદારોનું શોષણ કરી રહી છે, ૮ કલાકના વેતનમાં ૧૨ કલાક કામ લેવાય છે :અમિત ચાવડા**
- **ખેડૂતોને પાક વેચાણ માટે દૂરના માર્કેટમાં ધક્કા ખાવા પડે છે, દરેક તાલુકા દીઠ ખરીદ કેન્દ્રો ખોલવામાં આવે : અમિત ચાવડા**
- **તડકેશ્વર પાણીની ટાંકી બનાવનાર કોન્ટ્રકટરે ભાજપને એક લાખ રૂપિયા જેટલું દાન આપ્યું હતું: તુષાર ચૌધરી**

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ૩જા ફેજના આઠમાં દિવસે દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ આજે સવારે 9:00 વાગે મોસાળીથી પ્રસ્થાન કરીને નાની નરોળી, તડકેશ્વર, એરથી, અંબાપારડી, ઉટેવ, ટીટોઈ, સાલૈયા, મોરીઠા ,ફેદરીયા, ઝંખવાવ, વાડી, વાલિયા, વાતારિયા, કોન્ધ, કોસમડી, અંકલેશ્વર પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં આઠમાં દિવસે વિવિધ વિસ્તારમાં ઉમેળકાભેર યાત્રાનું સ્વાગત કર્યું હતું. યાત્રા દરમિયાન તડકેશ્વરમાં ગુજરાત મોડલના વિકાસના બારમામાં રામધુન ગાઈ હતી.

તડકેશ્વરમાં 21 કરોડ રૂપિયામાં બનેલી પાણીની ટાંકી તુટી પડતા ભાજપનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડ્યો હતો. ભાજપની ડબલ એન્જિન સરકારમાં ઉપરથી નીચે સુધીના બધા જ નેતાઓ કમિશનમાં ભાગીદાર છે. ગુજરાતમાં ચારે તરફ ભ્રષ્ટાચાર, ગેરવયવહાર, તાનાશાહીનું શાસન ચાલે છે. ભાજપના નેતાઓ ચારે તરફ ઉઘાડી લૂંટ કરી રહ્યા છે. જ્યાં સુધી કમિશન કમલમમાં ના પહોંચે ત્યાં સુધી કોઈપણ સરકારી કામનો કોન્ટ્રાક્ટ નથી મળતો. કમિશનથી કમલમના બિલ્ડીંગો મજબૂત બન્યા છે. અનેક જગ્યાએ બ્રિજ તૂટ્યા, ટાંકી

પડી, રસ્તા તૂટ્યા, મનરેગામાં કરોડોનો ભ્રષ્ટાચાર, નલ સે જલ માં કરોડોનો ભ્રષ્ટાચાર થયો છે. એક પણ કચેરીમાં પૈસા આપ્યા વગર ગુજરાતના સામાન્ય માણસનું કામ નથી થતું. ભારતીય જનતા પાર્ટીનો ભ્રષ્ટાચારનો પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે.

સુરત જિલ્લામાં કાર્યરત GIPCL સહિતના મોટા ઉદ્યોગોમાં સરકારના નિયમ મુજબ ૮૫% સ્થાનિક યુવાનોને રોજગારી આપવાની જોગવાઈ હોવા છતાં તેનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. સ્થાનિક યુવાનોને અવગણીને બહારના લોકોને નોકરી આપવામાં આવી રહી છે. સ્થાનિકોને રોજગાર આપવાનો કાયદો કાગળ પર જ સીમિત રહી ગયો છે. ભાજપ સરકાર ઉદ્યોગપતિઓના દબાણમાં સ્થાનિક યુવાનોના હક છીનવી રહી છે. આવનારા સમયમાં સ્થાનિક યુવાનોને રોજગારી નહીં આપો તો કોંગ્રેસ પક્ષ મોટાપાયે આંદોલન કરશે. સુરત અને ભરૂચ જિલ્લામાં ભાજપના મળતિયાઓ દ્વારા ખુલ્લેઆમ અને બેફામ ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. નદીપાટમાં, રેતી તથા ખનિજોના ગેરકાયદેસર ખનનથી પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. ગેરકાયદેસર ખનનના કારણે ભૂગર્ભ જળ સ્તર ઘટી રહ્યું છે, નદીનું કુદરતી પ્રવાહ બદલાઈ રહ્યો છે અને ખેડૂતોની જમીનને નુકસાન થઈ રહ્યું છે, છતાં જવાબદાર અધિકારીઓ આંખ આડી કાન કરી રહ્યા છે.

ડબલ એન્જિન સરકારમાં દરેક સરકારી કોન્ટ્રાક્ટમાંથી ખુલ્લેઆમ ૩૦ ટકા કમિશન લેવામાં આવે છે. વિકાસના નામે લૂંટ ચલાવવામાં આવી રહી છે. કમિશનથી કમલમના બિલ્ડીંગો મજબૂત બન્યા છે. કમિશન સરકારની સાચી હકીકત જનતા સામે આવી ગઈ છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલી તડકેશ્વર પાણીની ટાંકીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો છે.વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, તડકેશ્વર પાણી ટાંકીના કોન્ટ્રકટરે ભાજપને એક લાખ રૂપિયા જેટલું દાન આપ્યું હતું. કોન્ટ્રાક્ટર અને સત્તાધારી પક્ષ વચ્ચે મીલીભગતના કારણે ગુણવત્તા સાથે સમાધાન કરવામાં આવ્યું હતું.જવાબદાર કોન્ટ્રાક્ટર તથા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહ પ્રભારી શ્રી બી.વી. શ્રી નિવાસજી, વરીષ્ઠ આગેવાન કરશનદસ બાપુ ભાદરકા, સુરત જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી આંનદભાઈ ચૌધરી, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ નીનામા, જીલ્લા/તાલુકાના પદાધિકારી અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮